# પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેના કાર્યક્રમ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૭)

- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી પ્રવેશ વર્ષ-૨૦૧૭ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.**
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા ઉમેદવારોએ તા. ૧૦-૦૮-૨૦૧૭ થી તા. ૨૧-૦૮-૨૦૧૭ દરમ્યાન જાહેરાતમાં દર્શાવેલ કોટક મહિન્દ્રા બેંકની બ્રાંચમાંથી રોકડેથી રૂા. ૩૫૦/- (નોન રીફન્ડેબલ) આપી પીન મેળવી હેલ્પ સેન્ટર ખાતે વેબસાઈટ : www.gujacpc.nic.in ઉપર તા. ૧૦-૦૮-૨૦૧૭ થી તા. ૨૨-૦૮-૨૦૧૭ દરમ્યાન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત નકલ જોડી જે તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ મેળવવો હોય તે સંસ્થા ખાતે તા. ૧૦-૦૮-૨૦૧૭ થી તા. ૨૨-૦૮-૨૦૧૭ દરમ્યાન જમાં કરાવવાનું રહેશે. જ્યારે જે ઉમેદવારોએ પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ લઈને જમાં કરવાની રહેશે.
- સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સ્વિકાર્યાની રીસીપ્ટ આપવાની રહેશે.
- ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારનું જે તે સંસ્થા ખાતે તા. ૨૩-૦૮-૨૦૧૭ ના રોજ મેરીટ લીસ્ટ પ્રસિધ્ધ કરવાનું રહેશે તથા તા. ૨૪-૦૮-૨૦૧૭ ના રોજ જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર ખાલી બેઠકોનો યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે.
- જે તે સંસ્થા દ્વારા ઈન્ટર-સે મેરીટ લીસ્ટ તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા માટે તા. ૨૫-૦૮-૨૦૧૭ થી તા. ૩૧-૦૮-૨૦૧૭ દરમ્યાન બોલાવી જે તે સંસ્થા દ્વારા પ્રવેશ આપશે.
- પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- ખાલી રહેલી બેઠકો ઉપર જે ઉમેદવારે ઉપર દર્શાવેલ નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કરેલ હશે નહિ તેમજ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ લઈને જમાં કરેલ હશે નહી તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહી.
- શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૨૦૧૮ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૨-૦૮-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ઉમેદવારે પોતાને અગાઉનો મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તો જે સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તે સંસ્થામાં લેખીતમાં અરજી કરવાની રહેશે. પ્રવેશ રદ થયા બાદ ઉમેદવારને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ “Cancellation of Admission and Refund of Fee” પ્રમાણે જુનો પ્રવેશ રદ થવાથી એ સંસ્થા ખાતે જો તેની સામે બેઠક ફાળવાશે તો ફી રીફંડ મળવા પાત્ર રહેશે.
- પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, જેની નોંધ લેવી.

**તા. ૧૦-૦૮-૨૦૧૭**

**– મેમ્બર સેક્રેટરી**